# રાજ્યભરમાં કોલ્ડવેવ : નલિયામાં ૫.૪ ડિગ્રી

## ડિસા, ગાંધીનગર, અમરેલી, સુરેન્દ્રનગર અને રાજકોટમાં કાતિલ ઠંડીનું મોજુ : જનજીવન પર થયેલ પ્રતિકુળ અસર

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતમાં પણ જોરદાર કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. કચ્છના જુદા જુદા ભાગોમાં હાલત કફોડી બનેલી છે. ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં વધુ ઠંડીનો અનુભવ લોકો કરીરહ્યા છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ગગડીને ૫.૪ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું હતું જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું હતું. અમદાવાદમાં પણ આજે સમગ્ર દિવસ દરમિયાન જોરદાર ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો અને પારો ૧૧.૬ સુધી રહ્યો હતો. સુરેન્દ્રનગરમાં લઘુત્તમ તાપમાન ૯.૮ અને ડિસામાં ૯.૬ સુધી પારો રહ્યો હતો. અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન મોટાભાગે લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં અને ઠંડી અકબંધ રહી શકે છે. સૌથી વધુ કફોડી હાલત કચ્છમાં બની છે. અમદાવાદમાં ઠંડીનો ચમકારો રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડીમાં એકાએક વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં જોરદાર તેજી જામી છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી જારી કરાયા બાદ



ઠંડીને લઈને લોકો સજ્જ છે. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા. અમદાવાદમાં પણ કોલ્ડવેવની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. જોકે નલિયામાં લોકોની હાલત કફોડી બનેલી છે. સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવેલું છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણામાં મોટાભાગના વિસ્તારોમાં પારો ત્રણથી લઈને ૫ ડિગ્રીની વચ્ચે રહ્યો છે જેથી જનજીવન ખોરવાયેલું છે. ટ્રેન અને વિમાની સેવા પણ ધુમ્મસના કારણે ખોરવાઈ ગઈ છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આવી જ સ્થિતિ રહેશે જેમાં પોરબંદર, અમરેલી અને રાજકોટનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી વ્યકત કરાઈ છે.

# જિલ્લા-તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપની જીત

**33 બેઠકો પૈકીની ૨૯ બેઠક પર ભાજપની શાનદાર જીત થઇ : દાહોદ-ખેડા જિલ્લાની તાલુકા પંચાયતની બે બેઠકો સ્વતંત્રતા બાદ પ્રથમ વખત ભાજપને**

ગાંધીનગર, તા.૩૧

વિવિધ જિલ્લા તેમજ તાલુકા પંચાયતની પેટાચૂંટણીના આજે પરિણામ જાહેર થયા બાદ ભારતીય જનતા પાર્ટીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જાહેર થયેલા પરિણામ પૈકી ૩૩ બેઠકોમાંથી ૨૯ બેઠક પર ભાજપે શાનદાર જીત મેળવી છે. ભારતીય જનતા પાર્ટીની આ શાનદાર જીત થયા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ તમામ મતદારો તથા કાર્યકરોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં અરાજકતાનો માહોલ ઉભો કરનારી અને ખેડૂતોને ગેરમાર્ગે દોરનારી કોંગ્રેસને જિલ્લા અને તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં જાકારો આપીને જનતાએ કોંગ્રેસને તેનું સ્થાન બતાવી દીધું છે. દાહોદ અને ખેડા જિલ્લાની તાલુકા પંચાયતની બે બેઠકો દેશની આઝાદી બાદ પ્રથમ વખત ભાજપના ફાળે આવી છે જે ખુબ જ સારી બાબત તરીકે છે. રાજ્યની ત્રણ જિલ્લા પંચાયત બેઠકો અને ૨૭ તાલુકા પંચાયત બેઠકોની પેટાચૂંટણીનું આજે પરિણામ જાહેર થયું છે. આ પહેલા રાજ્ય ચૂંટણી પંચે ૪૧ તાલુકા પંચાયત બેઠક અને ૩ જિલ્લા પંચાયત બેઠક પર ચૂંટણી જાહેર કરી હતી. જેમાંથી ત્રણ તાલુકા પંચાયત બેઠક બિન હરિફ થઈ ચૂકી છે. આ ત્રણેય બેઠક ભાજપને મળી છે. તેમજ સાત તાલુકા પંચાયત બેઠકોની હાઈકોર્ટે ચૂંટણી ૨૬ કરી છે જ્યારે ચાર તાલુકા પંચાયત બેઠકો પર એકપણ ઉમેદવારી ફોર્મ ભરાયું નહોતું. આમ આજે કુલ ૩૦ તાલુકા પંચાયત બેઠક અને ૩ જિલ્લા પંચાયત બેઠકના પરિણામ જાહેર થયા છે. આ ૩૩ બેઠકમાંથી ભાજપનો એક જિલ્લા પંચાયત બેઠક અને ૨૮ તાલુકા પંચાયત બેઠક મળી ભાજપનો ૨૯ બેઠક પર વિજય થયો છે. જ્યારે ૨ જિલ્લા પંચાયત અને ૧ તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસની જીત થઈ છે. તો, એક તાલુકા પંચાયત બેઠક અપક્ષને મળી છે. આમ, રાજયની મોટાભાગની તાલુકા પંચાયતોમાં ભાજપનો ભગવો લહેરાયો છે. તો, કોંગ્રેસનો જાણે બિલકુલ સફાયો થઈ ગયો છે, કોંગ્રેસને સમ ખાવા પૂરતી બે જિલ્લા પંચાયત અને એક તાલુકા પંચાયતની બેઠક મળી છે. હેબતપુર અને શિયાળ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસનો અને ઓગાણ તાલુકા પંચાયત બેઠક પર ભાજપનો વિજય થયો છે. જ્યારે પોરબંદરની રાણા કંડોરણા જિલ્લા પંચાયત બેઠક ભાજપને મળી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ત્રણ તાલુકા પંચાયતની બેઠકો બિનહરિફ થયેલી અને તે ભાજપને ફાળે ગઈ હતી.



નવા વર્ષના વધામણા - વર્ષ-૨૦૨૦ને વધાવવા શાળાના બાળકોએ રંગારંગ કાર્યક્રમ યોજ્યો હતો. આનંદ અને ઉલ્લાસ સાથે શાળાના બાળકોએ નવા વર્ષને વધાવ્યું હતું... અને સાથે સાથે પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતાના શપથ પણ લીધા હતા....

# ડીસાના રામસણ ગામને તસ્કરોએ બાનમાં લીધું

**ગામમાં લાઈટ બંધ કરી ૯ જગ્યાએ કરી ચોરી : ૫ મંદિર અને ૪ મકાનોના તાળા તોડી ૧૦ કરતા વધુ ચોરી કાર્યની ગ્રામજનોની શંકા**









ડીસા તાલુકાના રામસણ ગામે રાત્રીના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ ગામની લાઈટ બંધ કરી ગામમાં સાતથી વધુ જગ્યાએ ૧૦ લાખ કરતા વધુની મતાની ચોરી કરતાં ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનો ચમકારો વધતાં જ તસ્કરો સક્રિય બન્યા છે અને એક બાદ એક ચોરીને અંજામ આપી રહ્યા છે પહેલા તસ્કરોએ વાવ થરાદના સરહદી વિસ્તારને ટાર્ગેટ બનાવ્યો હતો તે બાદ આજે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રામસણ ગામે રાત્રીના સમયે તસ્કરોએ રામસણ ગામની ટાર્ગેટ બનાવ્યું હતું અને રામસણ ગામ માં આવી ગામ ની લાઈટો બંધ કરી એક બાદ એક આમ કુલ નવ જગ્યાએ ચોરીને અંજામ આપ્યો છે વહેલી સવારે જ્યારે લોકોને ચોરીની જાણ થતા ગામમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ કેટલાક ગરીબ પરિવારોના ઘરમાં ચોરી થતા ગરીબ પરિવાર આજે નિરાધાર બન્યા છે અને મોટું નુકસાન વેઠવાનો વારો આવે છે તો બીજી તરફ મંદિરોને ટાર્ગેટ બનાવતા ધાર્મિક લોકોની લાગણી દુભાઈ છે તો ગ્રામજનોમાં માંગ કરી રહ્યા છે કે પોલીસ આવા તસ્કરોને તાત્કાલિક ઝડપી પાડે અને કડકમાં કડક સજા કરી ગામમાં ચોરી કરવા આવેલા તસ્કરોએ તમામ ચોરીનો પ્લાન મુજબ કરી હોય તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે ગામમાં આવેલી તમામ લાઈટો બંધ કરી દીધી અને તે બાદ લાઈટ ઝબકારા મારતી રહી અને તસ્કરો કરો એક બાદ એક ચોરીને અંજામ આપતા રહ્યા ત્યારે તસ્કરો પણ હવે તો અવનવા કીમિયા અપનાવી ચોરીને અંજામ આપી રહ્યા છે ત્યારે લોકો ઈચ્છી રહ્યા છે કે પોલીસ પણ આવી જ રીતે ટેકનોલોજી અપનાવી જેથી કરી તસ્કરો પોલીસના હાથે તાત્કાલિક ઝડપાઈ જાય ગામમાં નવથી વધુ જગ્યાએ ચોરી થઈ છે ત્યારે પોલીસે ઘટનાસ્થળે આવી કાર્યવાહી શરૂ કરી છે તો બીજી તરફ પોલીસે ગામમાં આવેલા કેટલાક સીસીટીવીના ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે અને ફૂટેજના આધારે તસ્કરો સુધી પહોંચવા પહોંચવા માટેની તપાસ હાથ ધરી છે

## ૧૪૭માં ક્રમે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલની લેન્ડફિલ્ડ સાઈટ સેક્ટર-૩૦માં મુક્તિધામ પાછળ ચાલે છે ત્યાં એટલી બધી દુર્ગંધ આવે છે કે મુક્તિધામમાં જનારા લોકો પણ તંત્રની સામે ત્યાં જ આક્રોશ વ્યક્ત કરે છે.

ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્સનમાં પણ ઘણી પરિયાદો તંત્રને સતત મળતી રહે છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં ડસ્ટબિનનું વિતરણ પણ નહિ કરાયાની વાતો સામાન્ય સભામાં ચમકી ચૂકી છે, જે નોંધનીય છે.

શહેરના આંતરિક માર્ગોની સ્વચ્છતા બાબતે પણ વારંવાર રજૂઆતો કરવામાં આવે છે. જો કે તંત્ર આ દિશામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે તેમ કહેવું જરાપણ અતિશયોક્તિભર્યું નથી.

તાજેતરમાં જિલ્લાના પર્યાવરણની જાળવણી માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં પણ ઘન કચરાના એકત્રીકરણની સાથે સાથે તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા માટે તંત્રને તાકીદ કરાઈ હતી. બાયો મેડિકલ વેસ્ટ, ઈ-વેસ્ટ, કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ માટે પણ તંત્રને ધ્યાન આપવા તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાની રચનાને દસકો પૂરો થવા આવ્યો છે અને સ્વચ્છતાની એકમાત્ર સેવા જ તંત્રને સોંપવામાં આવી છે. આમ છતાં તંત્ર તેમાં ઉણું ઉતરી રહ્યું છે તેને લઈ લોકોમાં પણ આ મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.

જિલ્લાનાં અન્ય શહેરો કલોલનો રેન્ક ૪૯૮મો, માણસાનો રેન્ક ૬૭૮મો, દહેગામનો રેન્ક ૯૦૮મો અને પેથાપુરનો રેન્ક ૨૧૭૬મો આવ્યો છે.

આજ રાષ્ટ્રપિતાની યાદમાં રચાયેલ નગર અને જિલ્લામાં જ સ્વચ્છતા અભિયાનના જે રીતે લીરા ઉડ્યા છે તેને લઈ આજે સૌ ચોંકી ઉઠ્યા છે.

## ઉનાવા બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી મતગણતરી અને પરિણામને લઈ ભારે ઉત્સુકતા સમર્થકોમાં જોવા મળતી હતી.

ભાજપને ઉનાવા ગામમાંથી જ ૮૦ કરતાં વધારે મતની સરસાઈ મળી ત્યારે જ આગેવાનો ઉત્સાહમાં આવી ગયા હતા અને વિજય નિશ્ચિત છે તેવી વાતો કરતા નજરે પડતા હતા.

આ પેટા ચૂંટણીનું આખરી પરિણામ જાહેર થયું ત્યારે ભાજપના ઉમેદવાર રાકેશ ઠાકોરને ૩૩૪૨ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મિથીલ પટેલને ૨૯૪૭ મત મળ્યા હતા. ૧૧૯ મત નોટામાં પડયા હતા.

ભાજપ-કોંગ્રેસ વચ્ચે લોકસભાના ચૂંટણી જંગ પછી તાલુકામાં આ પ્રથમ સીધો જંગ હતો. બંને પક્ષોના તાલુકા અને જિલ્લાના આગેવાનો પ્રચાર અભિયાનમાં જોડાયા હતા. આ જંગમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાનને બંને પક્ષે મહત્વ આપ્યું હતું. બંને પક્ષોએ સારું બુથ મેનેજમેન્ટ પણ ઉભું કર્યું હતું અને તેથી જ આ જંગ વધુ રોચક બન્યો હતો.

## અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફુટપાથની પણ દશા બેઠી છે. જાળવણીના અભાવે ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે કેટલાક ઠેકાણે વોક વે બેસી ગયો છે. તો ઘણાં ઠેકાણે ટાઈલ્સો પણ ઉખડી ગઈ છે. નગરમાં માર્ગ સલાતમીનો મુદ્દો પણ ગંભીર બન્યો છે.અલબત્ત બેફામ દોડતા વાહનો વચ્ચે ક્રોસ રસ્તાઓ વધુ જોખમી બન્યા છે જયારે હજુ ક્રોસ રસ્તા બંધ કરવા માટે કોઈ આયોજન થયુ નથી. જયારે સેકટરોના એપ્રોચ રસ્તા પાસે સ્થિત ક્રોસ રસ્તાઓ વિશેષ જોખમી બન્યા છે. ક્રોસ રસ્તા પાસેથી સેકટરોમાં પ્રવેશવાના સેકટરોના એપ્રોચ રસ્તા પણ ફોર ટ્રેક ન હોવાના લીધે અકસ્માતની દ્રષ્ટીએ જોખમી બન્યા છે.

શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. જયારે એપ્રોચ રસ્તા પાસે દબાણો પણ વિશેષ જોવા મળી રહ્યા છે. જેના લીધે પણ માર્ગ સલામતી જોખમાઈ છે. શહેરના મુખ્યમાર્ગોને અડીને સ્થિત સેકટરોના એપ્રોચ રસ્તાને ફોર ટ્રેક બનાવવા માટે પાંચ વર્ષથી વિચારણા ચાલી રહી છે. પરંતુ હજુ સુધી આ મામલે કાંઈ થયુ નથી જેના લીધે સેકટરોના પ્રવેશદ્વાર પાસે જ માર્ગ સલામતી જોખમાઈ છે.

## સુનાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારોનો દાવો છે કે ગુજરાતનો દારુબંધીનો કાયદો રાઈટ ટુ પ્રાઈવસી એક્ટના ભંગ સમાન છે. તેમની એવી પણ દલીલ છે કે સુપ્રીમ કોર્ટે આપેલા રાઈટ ટુ પ્રાઈવસી હેઠળ ઘરની ચાર દીવાલોની વચ્ચે તેઓ દારુનું સેવન કરી શકે છે. દારુબંધીના કાયદાને લગતા આ સિવાયના કોઈપણ પાસાને અરજદારએ પડકાર્યો નથી.

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી તેમાં દારુબંધીનો કાયદો અમલમાં છે. સરકારે ફેબ્રુઆરી ૨૦૧૭માં વિધાનસભામાં બિલ પાસ કરીને દારુબંધીનો કાયદો વધુ કડક બનાવ્યો હતો. જેમાં દારુ બનાવવા, ખરીદવા કે વેચવા અને હેરફેર કરવા બદલ ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે. કાયદા અનુસાર, જો કોઈના ઘરમાંથી દારુની બોટલ મળે તો પણ તેને સજા થઈ શકે છે.

## હોદ્દો સંભાળ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સ્ટાફની વચ્ચે પણ ખુબ જ સ્પષ્ટ પ્રતિષ્ઠા અને સારા વ્યવહારના કારણે ખુબ જ લોકપ્રિય તરીકે રહ્યા છે. ચીન સાથે જોડાયેલા સુરક્ષા મામલાઓમાં પણ જનરલ નરવણેની મજબૂત પકડ રહી છે. નરવણે હજુ સુધી સેનાના ઉપપ્રમુખ તરીકે હતા. સેનાના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે નરવણે હંમેશા સતર્ક રહેનાર અધિકારી તરીકે ઓળખવામાં આવે છે. એમ કહેવામાં આવે છે કે, તેઓ જવાનોને પણ આવું જ વર્તન રાખવા કહેતા રહે છે. ભલે એલએસી પર શાંતિ હોય તો પણ હંમેશા સાવધાન રહેવા માટે સૂચના આપતા રહે છે. કોઈપણ પ્રકારથી તેમના જવાનને નુકસાન ન થાય તે માટે તૈયાર રહેવા માટે હંમેશા સાવધાન કરતા રહે છે. પોતાની લાંબી કેરિયરમાં જનરલ નરવણેને અનેક સન્માન મળી ચુક્યા છે જેમાં સેના મેડલ, વિશિષ્ટ સેવા મેડલનો સમાવેશ થાય છે. નરવણેને ચીની સરહદ ઉપર કામ કરવાનો અનુભવ પણ રહેલો છે.

સપ્ટેમ્બર મહિનામાં સેનાના ઉપપ્રમુખ બનતા પહેલા તેઓ સેનાના ઈસ્ટર્ન કમાન્ડના પ્રમુખ તરીકે હતા જે ચીન સાથેની ૪૦૦૦ કિલોમીટર લાંબી સરહદ ઉપર નજર રાખે છે. પોતાના ૩૭ વર્ષની સેવા અવધિમાં નરવણે જમ્મુ કાશ્મીર અને પુર્વોત્તરમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દા પર રહ્યા છે. તેઓએ જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રીય રાયફલ બટાલિયનની જવાબદારી પણ સંભાળી છે.

પૂર્વીય મોરચા ઉપર ઈન્ફેન્ટરી બ્રિગેડનું નેતૃત્વ કરી ચુક્યા છે. શ્રીલંકામાં ભારતીય શાંતિ રક્ષક દળના હિસ્સા તરીકે હતા. ત્રણ વર્ષ સુધી મ્યાનમારમાં ભારતીય દૂતાવાસમાં પણ જવાબદારી અદા કરી ચુક્યા છે.

## સ્વચ્છ શહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જુલાઈથી સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળાની વાત કરવામાં આવે તો અંતિમ પરિણામમાં રાજકોટ બીજા સ્થાને છે. આ ઉપરાંત લાખથી ઓછી વસ્તીવાળા શહેરોની યાદીમાં જમશેદપુર પ્રથમ સ્થાને છે. આ સર્વેમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં સુરતને અને બીજા ત્રિમાસિક ગાળામાં નવી મુંબઈને ત્રીજુ સ્થાન મળ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સર્વેના પરિણામ આજે જાહેરકરવામાં આવ્યા હતા. ભારત સરકારે સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત બીજી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે કરી હતી. હવે આના પાંચ વર્ષ પર્ણ થઈ ચુક્યા છે. આ ગાળા દરમિયાન દેશભરમાં સ્વચ્છતાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સ્વચ્છતાને જનઆંદોલન બનાવવાના કેન્દ્રના પ્રયાસોની અસર હવે દેખાવવા લાગી છે.

# પાલનપુરના લક્ષ્મીપુરામાં શ્રીમદ ભાગવત સપ્તાહનો શુભારંભ

**અબોલ પશુ- પંખીઓના લાભાર્થે આરંભાયેલ ભાગવત કથાનું પુજ્ય યશવંત શાસ્ત્રીજી મહારાજ રસપાન કરાવશે**



પાલનપુર

પાલનપુરના લક્ષ્મીપુરા ખાતે અબોલ પશુ- પંખીઓના લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ કરાયો છે. સાત દિવસીય આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા માટે શહેરીજનોને અનુરોધ કરાયો છે.

પાલનપુર ખાતે જુના લક્ષ્મીપુરાના ઉમિયામાતાના હોલમાં અબોલ પશુ- પંખીઓના લાભાર્થે તેમજ ગૌ સેવાર્થે રવિવારથી શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો છે.જેમાં વકતા શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજ બપોરે ૧.૩૦ થી ૪.૩૦ સુધી શ્રીમદ ભાગવતનું રસપાન કરાવશે. જ્યાં પ્રથમ દિવસે શેરી નં. છથી પોથીયાત્રા નીકાળવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો જોડાયા હતા. પોથીયાત્રાનો લાભ મીનાક્ષીબેન હરેશભાઈ પટેલ, પુરીબેન ડાહ્યાભાઈ પટેલે લીધો હતો. સાત દિવસીય આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા માટે શહેરીજનોને અનુરોધ કરાયો છે.

# દાંતામાં વિદેશી દારૂનો નાશ

થર્ટી ફર્સ્ટ પૂર્વે દાંતા પોલીસે કોર્ટના આદેશ અને જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીના ગાળામાં ૭૬ ગુનામાં ઝડપાયેલા રૂ. ૩૧,૯૧,૮૮૩ ના વિદેશી દારૂ ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું જે વખતે દાંતા મદદનીશ કલેકટર, પાલનપુર ના.પોલીસ વડા,નશાબંધી સબ ઈન્સ્પેક્ટર સહિત પોલીસ અધિકારીઓ અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા.